# એવું અમરત્વ શું ખપનું?



શાહબુદ્દીન રાઠોડ

ડેલીમાં બાપુ એકલા બેઠા છે. સવારનો સમય છે. બાપુ ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયા છે. વચ્ચે વચ્ચે સ્વગત કંઈક બોલતા જાય છે ત્યાં જીવલો પ્રવેશ કરે છે.

**જીવલો:** એ ઘણી ખમ્મા. અન્નદાતા! આ પરભાતના પોરમાં કોની હારે વાતું કરો છો, બાપુ?

**બાપુ:** પંડ્ય હારે, જીવલા! બીજા કોની પાંહે જઈ આ વાતું કરવી? હવે તો વીતેલા દી સંભારી સંભારીને આયખું પૂરું કરવાનું રિયું છે.

**જીવલો:** બાપુ, રાતે ઊંઘ તો બરાબર આવી'તી ને?

**બાપુ:** ઊંઘ તો આવી'તી ઘડી બે ઘડી, પણ સપનું ભારે આવ્યું, જીવલા!

**જીવલો:** એમ? બાપુ, તો સપનાની વાત કરો.

**બાપુ:** જીવલા, તમને સૌને ભેળા કરી ડેલીમાં કહુંબો કઢાવી, સામ-સામી અંજળિયું લેવરાવી, સૌને છેલ્લા રામરામ કરી, હું તો સપનામાં હાલી નીકળ્યો હેમાળા કોર. પૂરતી તૈયારી કરીને નીકળ્યો'તો. ગજવામાં આખી સોપારીયે નાખી લીધી'તી. હું તો હાલતાં-હાલતાં હેમાળામાં પહોંચી ગિયો, જ્યાં પાંડવ જેવા નરનાં વજ્જર જેવાં હાડ ગળી ગિયાં ઈ હેમાળામાં.

**જીવલો:** બાપુ! ખાટલાના ચાર પાયા વચ્ચે સારી ખેપ કરી! સોપારી હારે લીધી ઈ કામ કર્યું. કટકી હોય તો મોંમાં ચગરવા થાય.

**બાપુ:** અરે મૂરખ, સોપારી ક્યાં ખાવા લીધી'તી? પરથમ સોપારી હેઠે મૂકી, એના ઉપર ઊંધા માથે થઈ, મારે આકરાં તપ કરવાં'તાં. મારે તો ભોળાનાથને પ્રસન્ન કરવા'તા અને એ પ્રસન્ન નો થાય તો હેમાળે હાડ ગાળી નાખવાં'તાં.

**જીવલો:** અરે, બાપુ, સપનામાં તો અમારા સૌ સામે જોવું'તું! અમારા હિતનો વિચાર હારે કરવો'તો ને! આમ સાવ ડાયરા આખાની માયા મૂકી દેવાય?

**બાપુ:** એ ઈ સાટુ તો આ હેમાળા સુધી મેં ધક્કો ખાધો'તો. જીવલા! ડાયરા આખાની આંતરડી ઠારવાના ઓરતા પૂરા કરવા તો હું ઠેઠ કૈલાસ પહોંચી ગિયો'તો. હું પહોંચતાં તો કૈલાસ પહોંચ્યો, પણ જીવલા, શું ટાઈઢ! અહાહા.. પરથમ તો મને ટાઈઢનું લખલખું આવી ગયું તે હું તો ધ્રૂજવા મંડ્યો. ઝટઝટ ગજવામાંથી સોપારી કાઢી થે થે થાઉં ઈ પહેલાં તો ભોળોનાથ પરગટ થિયા.



હાસ્યનો વરઘોડો

શાહબુદ્દીન રાઠોડ

**જીવલો:** બાપુ, હજી તપેય નો'તું કર્યું ત્યાં ભોળાનાથે દરશન દીધાં? ધન્ય ભાગ્ય, બાપુ!

**બાપુ:** હા, જીવલા, ભોળોનાથ મને દૂબળા પડી ગયા હોય એવું લાગ્યું. પરથમ તો હું ઓળખી નો શક્યો. હું તરત પગમાં પડ્યો અને બોલ્યો: 'દેવાધિદેવ, આપનાં દર્શનથી મારું જીવતર ધન્ય થઈ ગયું!' ભોળાનાથ કહે, 'દરબાર, તપ કરીને કાયાને કષ્ટ આપવાનો દાખડો કરો મા. જે માગવું હોય ઈ માગો.' મેં કહ્યું, 'હું તો અમારા આખા ડાયરા સારુ અખેપાતર લેવા આવ્યો છું. મારા પરભુ, એક એવું અખેપાતર આપો જેમાંથી ચા, કહુંબો, ઠૂંગો, વાળુ - જે માગો તયેં નીકળ્યા કરે... ડાયરાને હે ને લીલાલહેર થઈ જાય. મે'માન-મઈ સચવાઈ રહે અને ગામમાં પણ કોઈ ભૂખ્યું નો રે.'

**જીવલો:** બાપુ, અખેપાતર લેતા આવ્યા?

**બાપુ:** સાંભળ તો ખરો! મારી વાત સાંભળીને ભોળોનાથ વિચારમાં પડી ગયા અને કહે, 'દરબાર, અખેપાતર બધાં ઈથોપિયા મોકલી દીધાં છે. હા, અમૃતના કૂંપા પડ્યા છે. એક-બે લઈ જાવ. આખો ડાયરો ભલે અમર થઈ જાય.'

**જીવલો:** અહાહા... બાપુ, ભોળાનાથે સાચું કીધું! અખેપાતર કરતાં તો અમૃતનો કૂંપો સારો. એકએક અંજલિ પી સૌ અમર. પછી આ અત્યારે બસમાં, ગાડીમાં, ઘરમાં, ગામમાં જ્યાં જુઓ ઈયાં મોતની બીકમાં જીવવું પડે છે ઈ તો ટળી જાય! બાપુ, જીવતર મોંઘું બન્યું છે ને મોત સસ્તું બની ગયું છે.

**બાપુ:** જીવલા, ભોળોનાથ કહે, 'દરબાર, અમૃત લેતા જાવ' અને મૂઠિયું વાળીને હું ગામ કોર મંડ્યો હાલવા. ભોળોનાથ કે'તા રિયા ને હું હાલતો જ રિયો તે આ ઘરે પહોંચ્યો ત્યાં આંખ ઊઘડી ગઈ.

**જીવલો:** બાપુ, અમૃત નો લાવ્યા ઈ બરોબર નો કર્યું!

**બાપુ:** જીવલા, જ્યારે હું આવા સમાચાર સાંભળું છું ત્યારે મારું હૈયું ભરાઈ આવે છે. જ્યાં બેનું-દીકરિયુંના દેહ હેવાનોના હાથે ચૂંથાતા હોય, જ્યાં હિંસા અને હેવાનિયતના હુતાશનમાં માનવતા સળગીને ખાખ થતી હોય, અવારનવાર થાતા બોમ્બધડાકામાં નિર્દોષ માનવીઓનાં જીવતર રહેંસાઈ જતાં હોય, એમનાં જીવતર જીવવાનાં અરમાનો અને ઉમંગોનો આમ અકાળે અંત આવી જતો હોય, જ્યાં લોકોની લાખોની મિલકતની હોળી સળગતી હોય, જ્યાં દહેજના ખપ્પરમાં દેશની કુલવધૂઓનાં મોંઘાં જીવતર હોમાતાં હોય, જ્યાં રાંકડી ગાયુંને ચારો ચરવા ખડ નો હોય અને ખૂંટિયા ખાણ ખાઈ જાતા હોય, જ્યાં જીવતરનાં અમી સુકાઈ ગયાં હોય ઈયાં અમર થઈનેય શું કરવું?... અમર થઈનેય શું કરવું?

**જીવલો:** બાપુ, આમ તો આપની વાતેય સાચી છે, અમર થઈનેય જીવવું તો આ બધું જોવાને? ■

*લેખકના પુસ્તક 'ચાંદો ઊગ્યો ચોકમાં'થી સાભાર.*

*પ્રતિભાવ:* yourgujarattimes@gmail.com

**જીવલા, જ્યારે હું આવા સમાચાર સાંભળું છું ત્યારે મારું હૈયું ભરાઈ આવે છે. જ્યાં બેનું-દીકરિયુંના દેહ હેવાનોના હાથે ચૂંથાતા હોય, જ્યાં હિંસા અને હેવાનિયતના હુતાશનમાં માનવતા સળગીને ખાખ થતી હોય, જ્યાં લોકોની લાખોની મિલકતની હોળી સળગતી હોય, જ્યાં દહેજના ખપ્પરમાં દેશની કુલવધૂઓનાં મોંઘાં જીવતર હોમાતાં હોય, જ્યાં રાંકડી ગાયુંને ચારો ચરવા ખડ નો હોય અને ખૂંટિયા ખાણ ખાઈ જાતા હોય, જ્યાં જીવતરનાં અમી સુકાઈ ગયાં હોય ઇયાં અમર થઈનેય શું કરવું?... અમર થઈનેય શું કરવું?**